દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૫ એપ્રિલ, ૨૦૨૬

અમેરિકા અને ઇઝરાયેલ ઈરાન સામે રીતસર હાંફી ગયા હોય તેમ લાગી રહ્યું છે

અમેરિકા-ઇઝરાયલે પ્રચંડ હુમલા કર્યા છતાં હજુ ઈરાનમાં સત્તાપલટો કેમ નથી થઈ શક્યો? તે ચર્ચા હવે દુનિયાભરમાં શરુ થઇ ગઇ છે. તેનું કારણ એ છે કે ઇરાન પર હુમલો થયાના પાંત્રીસ દિવસ થઇ ગયા હોવા છતાં આ દેશ નિડરતાથી દુશ્મનોનો સામનો કરી રહ્યો છે. ટ્રમ્પે દાવો કર્યો કે ઇરાન પાસે હવે મિસાઇલ ક્ષમતા નથી તેના વળતા જવાબમાં ઇરાને યુએઇ, સઉદી, કતાર, બહેરીન, ઓમાન, જોર્ડન, ઇરાક સહિત 11 જેટલા દેશો પર મીસાઇલ હુમલો કર્યો છે. ટ્રમ્પે કહ્યું કે ઇરાનને અમે પાષાણ યુગમાં મોકલી દઇશું તેના જવાબમાં ઇરાને કહ્યું કે, અમારી સંસ્કૃતિ તો 6000 વર્ષ જૂની છે જ તમારી સંસ્કૃતિને 200 વર્ષ જૂની જ છે. અમે તો પાષાણ યુગ જોયો જ છે કદાચ તમારે જોવો નહીં પડે. અમેરિકા અને ઇઝરાયેલના રાજનિતિક, કુટનિતિક અને સીધા હુમલાનો વળતો જવાબ ઇરાન સાહજિકતાથી આપી રહ્યું છે. તે જોતા હવે એવું લાગી રહ્યું છે કે, અમેરિકા અને ઇઝરાયેલ બંને જાણે હાંફી ગયા છે.\ અમેરિકા અને ઇઝરાયલના ભીષણ હુમલા છતાં ઈરાનની સત્તાએ આંતરિક સુરક્ષા પરની તેની પકડ ઢીલી પડવા દીધી નથી. નેતાગીરી સામે જનતામાં વ્યાપક આક્રોશ પ્રવર્તતો હોવા છતાં યુદ્ધ દરમિયાન મોટા પાયે કોઈ દેખાવો થયા નથી. કેટલાક નિષ્ણાતો તેનું શ્રેય યુદ્ધ શરૂ થયું, ત્યારથી ત્યાં વ્યાપેલા દમનકારી માહોલને આપે છે. ઈરાનના શાસકોએ ગત જાન્યુઆરીમાં સરકારવિરોધી દેખાવોને કચડી નાખ્યા પછી લોકોમાં ગભરાટ છવાયેલો છે. સરકારે ચેકપોઇન્ટ્સ, ભારે સુરક્ષા બંદોબસ્ત અને રોજેરોજની ધરપકડો થકી નિયંત્રણ ચુસ્ત કરી દીધું છે. માનવાધિકાર કાર્યકરો અને વિરોધીઓની સાથોસાથ વિદેશી માધ્યમોને યુદ્ધને લગતા ફોટોગ્રાફ્સ અને વીડિયો પૂરા પાડનારા લોકોનેય ટાર્ગેટ બનાવાઇ રહ્યા છે. લગભગ સંપૂર્ણપણે ઇન્ટરનેટ બંધ થઈ જવાને કારણે લોકોના ભેગા થવા પર લગામ લાગી ગઈ છે. કોમ્યુનિકેશન, સમન્વય તથા માહિતીના પ્રવાહને નિયંત્રિત કરી દેવાતાં વિરોધ પ્રદર્શનોનું આયોજન કરનારાં નેટવર્ક્સ લગભગ ધ્વસ્ત થઈ ગયાં છે. તેની સાથે જ, સરકારતરફી લોકોને સીમિત જોડાણ પૂરૂં પાડીને સરકારનાં નેરેટિવ ઈરાન બહાર પહોંચાડાઈ રહ્યાં છે. પરિણામ એ આવ્યું છે કે, સરકારનો વિરોધ કરવો તો જોખમી બની જ ગયો છે, પણ તેની સાથે જ ખાસ કરીને જ્યારે લોકો તેમની ખુદની સલામતીને પ્રાથમિકતા આપી રહ્યા હોય, તેવા યુદ્ધના સમયમાં લોકોને સંગઠિત કરવા અત્યંત કઠિન કાર્ય છે. આ તમામ પ્રયુક્તિઓની સાથે, સરકાર યુદ્ધ પ્રત્યેના દૃષ્ટિકોણને પણ પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહી છે. અધિકારીઓએ આ સંઘર્ષને ઇસ્લામિક પ્રજાસત્તાક સામેનો નહીં, બલકે ઈરાનના સાર્વભૌમત્વ ઉપર થયેલો હુમલો ગણાવ્યો છે. આ તફાવત નોંધપાત્ર છે. સરકાર સામે નારાજગી ધરાવનારા લોકો પણ આ બાહ્ય આક્રમણની સ્થિતિમાં રાષ્ટ્રવાદી ભાવનાઓથી પ્રભાવિત થઈ શકે છે. તેને ઘણી વખત 'રેલી-અરાઉન્ડ-ધ-ફ્લેગ' ઇફેક્ટ કહેવામાં આવે છે - જે જૂન, 2025માં 12 દિવસ ચાલેલા યુદ્ધ દરમિયાન પણ જોવા મળી હતી. તેનાથી સરકારવિરોધી હિલચાલની સંભાવના હાલ પૂરતી ઘટી હોય, એમ લાગે છે. દેશનાં માધ્યમો નાગરિકોનાં મોતને આગળ કરીને અને પોતાના હુમલાને રક્ષણાત્મક ગણાવીને આ વર્ણનોને સતત મજબૂત કરી રહ્યાં છે. વધુમાં, સરકારતરફી સભાઓ અને પ્રદર્શનો 'નિયંત્રણ, સ્થિરતા અને શક્તિ'ની છબિ રજૂ કરે છે.

પ્રકૃતિનો નિયમ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ઠંડી વધી રહી હતી.પાનખર ઋતુની શરૂઆત હતી. ઘરની બારીની બહાર દેખાતાં વૃક્ષનાં પાંદડાં ધીમે ધીમે ખરી રહ્યાં હતાં. નાનકડા સોહમને આ વૃક્ષ બહુ ગમતું. તેનાં પાંદડાં ખરતાં જોઇને તે રડમસ અવાજે મમ્મી પાસે ગયો અને બોલ્યો, ''મમ્મી, આ જો પેલા મને ગમતા વૃક્ષનાં પાંદડાંઓ મરી રહ્યા છે અને ખરીને નીચે પડી રહ્યાં છે. મમ્મી, ચાલો ને તેને બચાવીએ, કૈંક પાણી, ખાતર, દવા નાખીએ.'' મમ્મી બોલી, ''દીકરા દુઃખી ન થા.આ તો પાનખર ઋતુ છે એટલે વૃક્ષનાં પાંદડાં ખરી જ જશે. આપણે ગમે તેટલા ઉપાય કરીએ તે પાંદડાં ખરશે જ.'' રડમસ અવાજે સોહમ બોલ્યો, ''એમ પાંદડા ખરે એવી ઋતુ આવે જ શું કામ? પાંદડાં ખરી જશે તો વૃક્ષની શોભા મરી જશે કે પછી વૃક્ષ જ મરી જશે.'' મમ્મીએ કહ્યું, ''દીકરા, આ પ્રકૃતિનો નિયમ છે.'' સોહમે પૂછ્યું, ''આવો કેવો નિયમ?'' મમ્મીએ કહ્યું, ''દીકરા, તું હજી નાનો છે પણ પ્રકૃતિનો આ નિયમ એક સુંદર સમજ આપે છે. જો હું તને સમજાવું. વૃક્ષનાં આ પાંદડાં ખેરવી નાખતી પાનખર ઋતુમાં બધાં પાંદડાં ખરી જાય છે અને માત્ર વૃક્ષની ખાલી ડાળીઓ અને થડ શેષ રહે છે. પણ તે પણ સુંદર લાગે છે અને પ્રકૃતિ આપણને સમજાવે છે કે કોઇ પણ વસ્તુનું ખરી જવું...છૂટી જવું પણ સુંદર અને જરૂરી જ હોય છે.'' સોહમને મમ્મીના શબ્દોમાં બહુ સમજ ન પડી...તે બોલ્યો, ''જે સુંદર અને સારું હોય તેનું છૂટી જવું જરૂરી શું કામ?'' મમ્મીએ કહ્યું, ''બેટા, હમણાં તને નહિ સમજાય. હું તને ધીમે ધીમે સમજાવીશ.'' અહીં વાત પૂરી થઈ પણ સોહમના મનનું દુઃખ દૂર ન થયું, તે રોજ બારીની બહાર જોતો અને પાંદડાં વિનાનું વૃક્ષ જોઈ તેના મનમાં પીડા થતી. દિવસો વીત્યા અને મહિનાઓ વીત્યા અને ફરી ઋતુ બદલાઈ અને વૃક્ષનાં ઠુંઠા પર નવાં પાંદડાંઓ ખીલવા લાગ્યાં. ચમકતાં લીલાં રંગનાં નવાં પાંદડાંઓ વધુ સુંદર હતાં. સોહમ આ જોઇને ખુશ થતો મમ્મી પાસે દોડ્યો અને બોલ્યો, ''મમ્મી, મને ગમતાં વૃક્ષ પર ફરી પાંદડાં ઊગવા લાગ્યાં અને તે પહેલાં કરતાં વધુ સુંદર અને ચમકદાર છે.'' થોડા દિવસોમાં વસંત ઋતુ આવી અને વૃક્ષ આખું પાંદડાં અને ફૂલોથી ઉભરાઈ એકદમ મનમોહક દેખાવા લાગ્યું. મમ્મીએ સોહમને બોલાવીને વૃક્ષ દેખાડી કહ્યું, ''આ જો દીકરા, ફરી આ વૃક્ષ એકદમ પહેલાં કરતાં પણ વધારે સુંદર થઈ ગયું ને જો આ જ પ્રકૃતિનો નિયમ છે જે સમજાવે છે કે જે જૂનું હોય, જેને પોતાનું કામ કરી લીધું હોય તેને છોડતાં આવડવું જોઈએ.જેથી નવા માટે જગ્યા થાય.જો જૂનાં પાંદડાં ખરે જ નહિ તો નવાં પાંદડાં ઊગીને વધુ સુંદર ચમકદાર વૃક્ષ કઈ રીતે બનાવે.આ જ નિયમને જીવનમાં અપનાવી જીવનમાં પણ જૂની મનગમતી વસ્તુઓ અને બાબતોને છોડતાં પણ આપણે શીખી લેવું જેથી નવી વસ્તુઓ અને કાર્યો માટે જીવનમાં રસ્તો ખૂલે.'' સોહમને મમ્મીએ સુંદર રીતે સમજાવ્યું.

હોર્મુઝ સમિટ : યુકેની પહેલ દ્વારા આયોજિત વર્ચ્યુઅલ સમિટ અને તેની ભૂરાજનીતિક અસરો

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

આ સમિટનો મુખ્ય હેતુ સૈન્ય હસ્તક્ષેપને બદલે મુત્સદ્દીગીરી (diplomacy) અને રાજકીય માધ્યમો દ્વારા હોર્મુઝ જળમાર્ગને ફરીથી ખોલવાનો છે

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને તેને લગતી ભૂરાજકીય પરિસ્થિતિઓ હંમેશા વૈશ્વિક ચર્ચાનો વિષય રહી છે. વિશ્વના નકશા પર એક સાંકડી જળપટ્ટી એવી છે, જ્યાં જરા સરખો પણ તણાવ પેદા થાય તો આખી દુનિયાના અર્થતંત્રમાં તેલના ભાવ ભડકે બળે છે. આ છે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'. ઈરાન અને ઓમાનની વચ્ચે આવેલી આ સામુદ્રધુની વિશ્વના કુલ તેલ વેપારના લગભગ ૨૦% થી ૩૦% હિસ્સાનો પરિવહન માર્ગ છે. આ વિસ્તારમાં શાંતિ જાળવવા માટે સમયાંતરે યોજાતી સમિટ અને રાજદ્વારી પહેલો વૈશ્વિક રાજકારણમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

તાજેતરમાં, ૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ યુનાઈટેડ કિંગડમ (UK) દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવા અને ત્યાં દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રિટિશ વિદેશ સચિવ ઈવેટ કૂપરની અધ્યક્ષતામાં આ વર્ચ્યુઅલ સમિટ યોજાઈ હતી. આ સમિટનો મુખ્ય હેતુ સૈન્ય હસ્તક્ષેપને બદલે મુત્સદ્દીગીરી (diplomacy) અને રાજકીય માધ્યમો દ્વારા હોર્મુઝ જળમાર્ગને ફરીથી ખોલવાનો છે. આ સમિટમાં લગભગ ૩૫ થી ૪૦ જેટલા દેશોએ ભાગ લીધો હતો, જેમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુએઈ જેવા મુખ્ય દેશોનો સમાવેશ થાય છે. આ દેશોએ સમુદ્રમાં મુક્ત નૌકાયાન (freedom of navigation) જાળવી રાખવા માટે સંયુક્ત નિવેદન પણ આપ્યું છે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમેરે સ્પષ્ટ કર્યું છે કે આ 'બ્રિટનનું યુદ્ધ નથી' અને તેઓ સીધા સૈન્ય સંઘર્ષમાં જોડાવાને બદલે રાષ્ટ્રીય હિતમાં આર્થિક અને મુત્સદ્દીગીરીના માર્ગે ઉકેલ લાવવા માંગે છે.

સમિટમાં જહાજો અને ખલાસીઓની સુરક્ષાની ખાતરી કરવા માટે ચર્ચા કરવામાં આવી. જેમાં પ્રથમ તબક્કે સમુદ્રી સુરંગો સાફ કરવા અને બીજા તબક્કે ઓઈલ ટેન્કરોને સુરક્ષા પૂરી પાડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઈરાન પર સંયુક્ત રાષ્ટ્ર (UN)ના માધ્યમથી આંતરરાષ્ટ્રીય દબાણ વધારવા અને વેપારી જહાજોની અવરજવરમાં અવરોધ ન ઊભો કરવા માટે અપીલ કરવાનો નિર્ણય લેવાયો. જો જળમાર્ગ બંધ રહે તો ઈરાન પર આર્થિક પ્રતિબંધો અને સંકલિત રાજકીય પગલાં ભરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

આ સમિટમાં અમેરિકા સામેલ થયું નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ એવી ટિપ્પણી કરી હતી કે જે દેશોને તેલની જરૂર છે, તેઓએ આ માર્ગ ખોલવાની જવાબદારી લેવી જોઈએ, જે બાદ બ્રિટને આ પહેલ પોતાના હાથમાં લીધી છે. આ સમિટનો હેતુ માત્ર વર્તમાન સંકટનો ઉકેલ લાવવાનો જ નથી, પરંતુ ભવિષ્યમાં પણ આવી સ્થિતિમાં વૈશ્વિક અર્થતંત્રને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય, તે માટે એક સંગઠિત માળખું તૈયાર કરવાનો છે.

આ પહેલ દર્શાવે છે કે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે પશ્ચિમી અને અન્ય મિત્ર દેશો હવે સામુહિક રીતે સક્રિય થઈ રહ્યા છે, જેથી મધ્ય-પૂર્વમાં ચાલતા સંઘર્ષની અસર વૈશ્વિક વેપાર પર ઘટાડી શકાય.

આ સમિટને એક મહત્ત્વપૂર્ણ કૂટનીતિક પગલાં તરીકે જોઈ શકાય છે. આ સમિટે આંતરરાષ્ટ્રીય સહમતિ અને કોલેશન બનાવવાની શરૂઆત કરી, જે લાંબા ગાળે દબાણ વધારવા માટે ઉપયોગી થઈ શકે. પરંતુ સમિટ મોટા ભાગે પ્રતીકાત્મક જ બની રહી. કોઈ નક્કર પરિણામ જેમ કે સ્ટ્રેટનું તરત ખૂલવું અથવા ઈરાન સાથે કોઈ સમજૂતી ન થઈ. અમેરિકાની ગેરહાજરી આ સમિટની મુખ્ય કમજોરી હતી. યુકે અને યુરોપે સ્પષ્ટપણે સૈન્ય વિકલ્પને ટાળ્યો, જેનાથી ઈરાન પર અસરકારક દબાણ ઊભું કરવું મુશ્કેલ બન્યું. આ સમિટ વાતચીત અને સેંક્શન્સની ચર્ચા સુધી મર્યાદિત રહી, જે વર્તમાન કટોકટીને તાત્કાલિક હલ કરી શકે એમ નથી. તેલના ભાવ હજુ પણ વધેલા છે અને હજારો જહાજો અટવાયેલાં છે. હોર્મુઝ સમિટ માત્ર એક ભૌગોલિક ચર્ચા નથી, પરંતુ તે વિશ્વના આર્થિક ભવિષ્યનો આધાર છે. ભવિષ્યમાં સૌર અને રિન્યુએબલ એનર્જી તરફ વળવા છતાં, આગામી દાયકાઓ સુધી હોર્મુઝ વિશ્વની 'આર્થિક ધોરી નસ'બની રહેશે એમાં કોઈ શંકા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આઈપીએલથી પર: ટેસ્ટ ક્રિકેટનો આનંદ

સમયાંતર
રામચંદ્ર ગુહા

500 ટેસ્ટ મેચોનો પ્રવાસ: સ્કાઈલ્ડ બેરીના પુસ્તક દ્વારા ક્રિકેટનું વિશ્લેષણ, ક્રિકેટની અસલી કસોટી: કેમ ટેસ્ટ મેચ હજી પણ સર્વોપરી છે?

હું કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસીએશનનો સભ્ય છું અને ચિન્નાસ્વામી સ્ટેડિયમવાળા રોડ પર જ રહું છું. આમ છતાં, જ્યારે ગયા અઠવાડિયે ત્યાં આ વર્ષની ઈન્ડિયન પ્રીમિયર લીગની ઓપનિંગ ગેમ રમાઈ રહી હતી ત્યારે હું ઘરે હતો; ટેલિવિઝન પર મેચ જોવાને બદલે હું ક્રિકેટ પર તાજેતરમાં પ્રકાશિત થયેલું એક પુસ્તક વાંચી રહ્યો હતો. જો કે, તે આઈપીએલ દ્વારા પ્રમોટ કરવામાં આવતા ક્રિકેટ કરતાં તદ્દન અલગ પ્રકારના ક્રિકેટ વિશે હતું. એ પુસ્તક હતું સ્કાઈલ્ડ બેરીનું '500 ડિક્લરેડ: ધ જોયસ ઓફ કવરિંગ 500 ક્રિકેટ ટેસ્ટ્સ'.

500 ટેસ્ટ મેચ જોનાર પ્રથમ વ્યક્તિ મહાન રિચી બેનો હતા, જેમાંથી 63 મેચ એક ખેલાડી તરીકે અને બાકીની પત્રકાર અને કોમેન્ટેટર તરીકે જોઈ હતી. સ્કાઈલ્ડ બેરી બીજા ક્રમે હતા અને 'ઓબ્ઝર્વર', 'સન્ડે કોરેસ્પોન્ડન્ટ', 'ઇન્ડિપેન્ડન્ટ ઓન સન્ડે', 'સન્ડે ટેલિગ્રાફ' અને 'ડેઈલી ટેલિગ્રાફ' માટે કામ કરતાં રહીને 500 ઈંગ્લેન્ડ ટેસ્ટ મેચોને લાઈવ કવર કરનાર પ્રથમ વ્યક્તિ પણ હતા. તેમનું પુસ્તક દાયકાઓ દરમિયાન સહજતાથી આગળ વધે છે, જૂન 1973માં ટ્રેન્ટ બ્રિજ ખાતે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ન્યુઝીલેન્ડથી લઈને ઓક્ટોબર 2024માં રાવલપિંડીમાં ઈંગ્લેન્ડના પ્રવાસ સુધી. આ સફર દરમિયાન તેઓ વાચકને શાનદાર સ્પેલ અને મેચ-વિનિંગ ઈનિંગ્સના જ્ઞાનવર્ધક ટૂંકા પ્રસંગો, સમૃદ્ધ વૈવિધ્યસભર ભીડ અને તેથી વધુ વૈવિધ્યસભર લેન્ડસ્કેપ્સ પ્રદાન કરે છે. તેઓ ક્રિકેટ કરતાં પણ ઘણું વધારે નોંધે છે, જેમ કે તેઓ લખે છે: 'હું બંગાળને ઇટાલી સાથે સરખાવું છું: સ્વભાવ, ખોરાક પ્રત્યેનો પ્રેમ, સાહિત્યિક સંસ્કૃતિ, જ્યાં ટાગોરનું કદ દાંતે જેવું જ છે, પરંતુ તે થોડા વધુ તાજેતરના છે'.

બેરી જ્યારે કેમ્બ્રિજમાં અન્ડરગ્રેજ્યુએટ હતા ત્યારે જ પહેલી વાર પ્રેસ બોક્સમાં પ્રવેશ્યા હતા. તેઓ 1970ના દાયકાના અંગ્રેજી ક્રિકેટ પત્રકારત્વના દિગ્ગજોનાં સચોટ ચિત્રો આપે છે: ગાર્ડિયનના જોન આર્લોટ, ટાઈમ્સના જોન વૂડકોક અને ડેઈલી ટેલિગ્રાફના ઈ. ડબલ્યુ. સ્વાનટન, જેમાં અહંકારી સ્વાનટન દેખીતી રીતે સૌથી ખરાબ સાબિત થાય છે. જેમ જેમ કથા આગળ વધે છે તેમ તેમ તેઓ સમજદારીપૂર્વક-અથવા સાવચેતીપૂર્વક તેમની પોતાની પેઢીના ક્રિકેટ લેખકોનું તુલનાત્મક મૂલ્યાંકન આપતા નથી. તેના બદલે, તેઓ રમત અને ખેલાડીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે આપણને (અન્ય લોકોની સાથે) ઈયાન ચેપલ, જેફ્રી બોયકોટ, ડેવિડ ગોવર અને કેવિન પીટરસનના ખેલાડી અને માણસ તરીકેનાં તીક્ષ્ણ રેખાચિત્રો આપે છે.

સમગ્ર પુસ્તકમાં બેરી સ્પોર્ટિંગ ટેક્નિક અને વર્ષોથી તેમાં કેવી રીતે ફેરફાર થયો છે તેની ઊંડી સમજ પ્રદર્શિત કરે છે. એક પ્રભાવશાળી ફકરામાં તેઓ હેલ્મેટનાં અણધાર્યાં પરિણામો તરફ આપણું ધ્યાન દોરે છે. શરૂઆતમાં બેટ્સમેનોને આક્રમક ફાસ્ટ બોલિંગનો સામનો કરવા માટે રજૂ કરાયેલ હેલ્મેટ, તેઓ એવી દલીલ કરે છે કે, સ્પિન સામે વધુ મદદરૂપ સાબિત થયા છે, જે બેટરોને એવા બોલને સ્વીપ કરવાની મંજૂરી આપે છે જેને તેઓ અન્યથા વધુ પરંપરાગત રીતે રમ્યા હોત.

બેરી લખે છે કે, હેલ્મેટ અસ્તિત્વમાં આવ્યા તે પહેલાં 'મોઢાના દાંતમાં ટોપ એજ વાગવાનો ડર જ બેટ્સમેનોને એવા બોલને સ્વીપ કરતા અટકાવતો હતો જે લેગ સાઈડ તરફ નહોતા જઈ રહ્યા'. પરંતુ જ્યારે ગ્રિલ અને વિઝરવાળા હેલ્મેટ આવ્યા, ત્યારે તેઓ નિર્ભયપણે સ્ટમ્પ પરના ગુડ-લેન્થ બોલને સ્વીપ, રિવર્સ-સ્વીપ, રેમ્પ અને રિવર્સ-રેમ્પ કરવા લાગ્યા.

મુસ્તાક મોહમ્મદના ટેસ્ટ સદી ફટકારનાર સૌથી યુવા ક્રિકેટર હોવાના દરજ્જા પર બેરી અવલોકન કરે છે: 'મારું અનુમાન છે કે મુસ્તાકે ભારતીય બંદર જુનાગઢ છોડી પાકિસ્તાન જવા માટે વિભાજનની અરાજકતામાં બે-એક વર્ષ ઘટાડી દીધાં હશે જે જુનિયર અથવા વય-જૂથ સ્તરના ક્રિકેટર માટે તમામ ફાયદાઓ સાથે છે, એવા ફાયદા જે આવા સંજોગોમાં શરણાર્થીને મળવાપાત્ર છે.'

સ્કાઈલ્ડ બેરીએ દરેક ટેસ્ટ રમનારા દેશમાં સમય વિતાવ્યો છે. તેમણે પ્રથમ વખત 1977માં પાકિસ્તાન અને 1980માં ભારતની મુલાકાત લીધી હતી અને ત્યાર પછી તેઓ અવારનવાર ઉપખંડમાં આવ્યા છે. તેઓ બંને દેશો વચ્ચે એક રસપ્રદ રાજકીય તુલના પ્રદાન કરે છે. તેઓ લખે છે તેમ: 'ભારતનું નિયંત્રણ મેળવ્યા પછી જવાહરલાલ નેહરુએ મોટા જમીનદારોની કમર તોડી નાખી હતી જેથી તેઓ રાજકારણ પર પ્રભુત્વ ન જમાવે. તેમણે સૈન્યને બેરેકમાં મોકલી દીધું, જેમને પેન્શનથી સંતુષ્ટ કરવામાં આવ્યા અને તેમણે મુખ્ય શહેરોમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બનાવવા માટે અમેરિકન સહાયનો ઉપયોગ કર્યો, જે શિક્ષણના એવા સ્રોત બન્યા કે જેના બદલામાં સિલિકોન વેલીમાં બહુમતી સીઈઓ પેદા થયા છે. પાકિસ્તાને આમાંના કોઈ સુધારા કર્યા નથી (મહમ્મદ અલી ઝીણા, દેશના પ્રથમ નેતા, ખૂબ બીમાર હતા, ભલે તેઓ ઈચ્છતા હોત તો પણ). અમેરિકનોએ તેના બદલે પાકિસ્તાનમાં એર બેઝ બનાવ્યા અને દેશનો ઉપયોગ ભારત, રશિયા અને ચીન વિરુદ્ધ સાથી તરીકે કર્યો.'

બેરી પાકિસ્તાન પ્રત્યે વિશેષ લગાવ હોવાનું સ્વીકારે છે. કારણ કે, ક્રિકેટ સંવાદદાતા (રિપોર્ટર) તરીકે તે તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ હતો. તેમ છતાં, ત્યાંની અનેક મુલાકાતો પછી તેઓ એવા તારણ પર આવે છે કે, 'તે દેશ વ્યક્તિગત વિકાસ અને ખાનગી સાહસિકતાને અવરોધે છે. જો તમે દેશ છોડીને બહાર ન જાઓ, તો સેના તમને પોતાના નિયંત્રણમાં રાખશે: જો તમે તેમની વાત નહીં માનો, તો તમારા પરિવારને અદશ્ય થતાં જુઓ. તે એક એવો નિરસ સમાજ છે જ્યાં પુરુષો પુરુષો સાથે અને સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે સમય વિતાવે છે અને ત્યાં વિચારો કે સંસ્કૃતિનું પરસ્પર આદાનપ્રદાન થતું નથી.''

(હું નથી માનતો કે સ્કાઈલ્ડ બેરીએ છેલ્લા દાયકામાં ભારતની ફરી મુલાકાત લીધી હોય. જો તેઓ અહીં આવે, તો તેમને કદાચ લાગે કે ભારત કેટલાંક ઓછાં સન્માનજનક પાસાંઓમાં પાકિસ્તાનની નજીક આવ્યું છે.)

જો કે ક્રિકેટના ભૌગોલિક પ્રસાર પ્રત્યે યોગ્ય આદર હોવા છતાં, '500 ડિક્લરેડ'માં ઈંગ્લેન્ડની એશિઝ જીત પર અનિવાર્ય પણ કદાચ સમજી શકાય તેવો ભાર છે અને ખાસ કરીને વર્ષ 1981 પર. મને એમ પણ લાગ્યું કે લેખકના પોતાનાં ક્રિકેટ પરાક્રમો વિશે થોડું વધારે પડતું હતું, જેમ કે પ્રેસ ઇલેવન અને સેવા આપતા પણ મોટે ભાગે નિવૃત્ત ખેલાડીઓની ટીમ વચ્ચેની પીક-અપ મેચમાં કોઈ ટેસ્ટ ખેલાડીને આઉટ કરવો. તેમ છતાં, લેખકના ભ્રમણ કરતાં ક્રિકેટ સંવાદદાતા તરીકેના સમૃદ્ધ અને અપ્રતિમ અનુભવ અને રમતગમતની બહારનાં તેમનાં વ્યાપક હિતોને કારણે આ એક અત્યંત વાંચવાલાયક પુસ્તક છે.

જ્યારે હું સ્કાઈલ્ડ બેરીના પુસ્તકના અંત સુધી પહોંચ્યો, ત્યારે મને આશ્ચર્ય થયું: શું બીસીસીઆઈની 'મંજૂર' કોમેન્ટેટર્સની પેનલમાં કોઈ પણ વ્યક્તિએ કવર કરેલી 500 કે 50 ટી 20 મેચો પર આટલું રસપ્રદ પુસ્તક લખી શકે? અને શું આવું પુસ્તક-જેમાં ક્રિકેટના જ્ઞાનના સુપ્રસિદ્ધ સ્રોત જય શાહની પ્રસ્તાવના હોય-તેને ઘણાં કદરદાન વાચકો મળશે? બંને પ્રશ્નોનો જવાબ ચોક્કસપણે ના જ હોવો જોઈએ. રમતનું ટૂંકું ફોર્મેટ સૌથી નબળું પણ છે-ટૂંકી બાઉન્ડ્રી, સપાટ પિચ અને બોલરો માટે ચાર ઓવરની મર્યાદા બેટિંગને બોલિંગ કરતાં વધુ પક્ષપાત કરે છે. એક કારણ છે કે બે ઈનિંગ્સ અને પાંચ દિવસની મેચોને ટેસ્ટ ક્રિકેટ કહેવામાં આવે છે. કારણ કે, તે બેટર અને બોલર બંનેને તેમની પ્રતિભા અને ક્ષમતાઓની સંપૂર્ણ શ્રેણી પ્રદર્શિત કરવાની મંજૂરી આપે છે, જ્યારે પિચો અને આબોહવાની પરિવર્તનશીલતા એવા પડકારો ઊભા કરે છે જે ટી 20 અને વન ડે ક્રિકેટમાં પણ ગેરહાજર હોય છે. ટી 20 ખેલાડી સફળ થવા કરતાં ટેસ્ટ ખેલાડી સફળ થવો ઘણો મુશ્કેલ છે. ખરેખર, તાજેતરના ટી 20 વર્લ્ડ કપની ફાઈનલમાં રમનારી ભારતીય પ્લેઈંગ ઈલેવનમાંથી માત્ર એક જ વ્યક્તિ-મહાન જસપ્રિત બુમરાહ-ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવી શકે.

'500 ડિક્લરેડ'એ મેં પોતે જોયેલી ટેસ્ટ મેચો તેમજ રેડિયો કે ટેલિવિઝન પર જે ટેસ્ટ મેચોને મેં ફોલો કરી છે તેની ઘણી યાદો તાજી કરી. જ્યારે સ્કાઈલ્ડ બેરીએ ટ્રેન્ટ બ્રિજ ખાતે તેમની પ્રથમ ટેસ્ટ લાઈવ જોઈ ત્યારે તેઓ 19 વર્ષના હતા. હું 15 વર્ષનો હતો, જે દહેરાદૂનમાં મારા પરિવારના ફિલિપ્સ રેડિયો પર એ જ મેચ સાંભળી રહ્યો હતો. જીતવા માટે 479 રનનો વિશાળ ટાર્ગેટ મળ્યા પછી, ન્યુઝીલેન્ડે વહેલી તકે તેમના સ્ટાર બેટ્સમેન ગ્લેન ટર્નરને ગુમાવ્યા હતા, પરંતુ તે પછી તેમના કેપ્ટન બેવન કોંગડોને તેમના જીવનની સર્વશ્રેષ્ઠ ઈનિંગ્સ રમી હતી, વિક પોલાર્ડ સાથે પાંચમી ઈનિંગ્સની મક્કમ ભાગીદારી દ્વારા રમતને જીવંત રાખી હતી. બંને વ્યક્તિઓએ સદી ફટકારી હતી, કોંગડોને મોટે ભાગે ઓફ-સાઈડ પર ઓર્થોડોક્સ સ્ટ્રોક દ્વારા અને પોલાર્ડે લેગ તરફ ફટકા મારીને. કોંગડોન તેના સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર પર આઉટ થયા પછી ડેશિંગ વિકેટકીપર-બેટ્સમેન કેન વેડ્સવર્થે પોલાર્ડને લાંબો સમય સાથ આપ્યો. અંતે બંને આઉટ થઈ ગયા અને બહાદુર ન્યુઝીલેન્ડર્સ 38 રને હારી ગયા. સામે પક્ષે હીરો સીમ બોલર જ્યોફ્રી આર્નોલ્ડ હતા, જેમના આંકડા-53-15-131-5-તેમની મક્કમતા અને ખંતની પોતાની ગાથા કહે છે.

તેપ્પન વર્ષ પછી હું હજી પણ બીબીસીના ટેસ્ટ મેચ સ્પેશિયલ પર કોમેન્ટેટર્સ દ્વારા મારા સુધી પહોંચાડવામાં આવેલા ન્યુઝીલેન્ડના રોમાંચક ચોથી ઈનિંગના રન ચેઝની મુખ્ય વિગતો યાદ કરી શકું છું. બીજી તરફ, મને આશ્ચર્ય થાય છે કે જેમણે ગયા અઠવાડિયે સીઝનની પ્રથમ આઈપીએલ મેચ જોઈ હતી તેઓને હવેથી એક વર્ષ પછી અથવા એક મહિના પછી પણ તે વિશે કશું યાદ રહેશે, જ્યારે બેંગલુરુની આ શરૂઆત ટોપ-એજ સિક્સ અને ઘોંઘાટિયા ચિયરિંગ દ્વારા ચિહ્નિત થયેલી અન્ય મેચોમાં ખોવાઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

એક જ સત્ય, અનેક માર્ગ

વન્ય સંસ્કૃતિ ત્યજી માનવ સામાજિક બન્યો, તે સાથે પ્રાકૃતિક ભયની સામે સત્યશોધકવૃત્તિ જાગી, કુટુંબો સમાજો બન્યા અને વિભિન્ન ધર્મો ઉદ્ભવ્યા. મુખ્યત્વે વિશ્વના સર્જનહારની આરાધના થવા લાગી. કેટલાંક ધર્મીઓ વિવિધ સ્વરૂપો સાથે સર્જનહારને ભજવા લાગ્યાં તો બીજા પક્ષે એકેશ્વરવાદ સાથે બંદગી થવા લાગી. યુગે યુગે પથદર્શક યુગપુરુષો જગતકલ્યાણ અર્થે કાર્યરત રહ્યા. આધ્યાત્મિક, સાત્ત્વિક વૃત્તિ, પ્રવૃત્તિ માટે રાજસત્તાઓ બાધક બનવા લાગી. સર્જનહારે માનવને તો બુદ્ધિશક્તિ પણ આપી છે અને તેને સત્ય, પ્રેમ, અહિંસાની આવશ્યકતા સ્વીકારવી જોઈએ અને સમજી લેવું જોઈએ કે દુનિયામાં એક જ સત્ય અનેક માર્ગનું અસ્તિત્વ છે અને તે પ્રલયકાળ સુધી રહેશે. આમ છતાં રાજસત્તા અને ધાર્મિક માન્યતામાંની ભિન્નતાને કારણે વિગ્રહ, હિંસા ચાલતાં રહ્યાં. રાજસત્તામાં મૂડીવાદ અને સભ્યવાદ જેવી ધારાઓ ચાલી. તેના પ્રવર્તકોથી પ્રભાવિત લોકો તેમના નશ્વર જીવનને અંતે પણ તેમની ભાવનાનું જીવંત સ્મારક રચવા સાથે આજે પણ લેનિન અને માઓનાં શબ જળવાઈ રહ્યાં છે. અનેક મહાપુરુષોની પ્રતિમાઓ રચાઈ છે. રાષ્ટ્રપિતા ગાંધી બાપુની પ્રતિમાઓ વિશ્વના એંશી દેશોમાં આજે સ્થાપિત છે. જો કે ઈસ્લામ પ્રવર્તક નબી સાહેબે કડક રીતે તેમની છબીઓ કે પ્રતિમા માટે મનાઈ ફરમાવી અને આજપર્યંત તેનું ચુસ્તપણે પાલન થાય છે. ગૌતમ બુધ્ધે પણ તેમની મૂર્તિપૂજા નહીં કરવા જણાવેલ, પણ આસ્થા અને ભાવનાને કારણે તેમ બન્યું નહીં. આજે સામાજિક બંધન તોડી આંતરજ્ઞાતીય લગ્નો થવા લાગ્યાં છે. કોર્ટમાં સિવિલ મેરેજ પણ થાય છે. સનાતન ધર્મીઓ લગ્ન બંધનને જન્મોજન્મના ગણે છે, પણ ઈસ્લામધર્મીઓ વ્યવહારુ દૃષ્ટિએ લગ્નને સામાજિક કરાર ગણે છે, પતિ કે પત્નીમાંથી એકનું મોત થતાં કે છૂટાછેડા તલાક લેતા કરારનો અંત આવે છે. ચૌદ સદીઓ પૂર્વે આ ક્રાંતિકારી વ્યવસ્થા ચાલી અને તેનાં વ્યવહારુ પરિણામો પણ જણાયાં. તમામ ધર્મોના અનુયાયીઓએ ઈન્સાનિયતને પ્રાથમિકતા આપવી જોઈએ. નાસ્તિકો ભલે ઈશ્વરી અસ્તિત્વ વિરુધ્ધ વર્તે પણ તેઓ સત્યનો તો સ્વીકાર કરે જ છે. આખરે તો એકવીસમી સદીમાં સૌએ એક જ સત્ય, અનેક માર્ગ સમજીને ચાલવાથી જ કલ્યાણકારી પરિસ્થિતિ ઉદ્ભવશે. અન્ય ગ્રહો પર વસવાટ પછીયે એ જ સત્ય રહેશે, રાજસત્તા કે ધર્મને નામે મતભેદો સર્જવાથી વિનાશનો માર્ગ જ મોકળો થાય.

સુરત - યુસુફ એમ. ગુજરાતી

માણસ જ્યારે નિષ્ફળ જાય છે ત્યારે

નિષ્ફળતાનાં કારણો પોતે શોધતો નથી. પુરુષાર્થી જો પ્રામાણિક હોય તો નિસ્બત સાથ આપે જ છે. નસીબ જેવી કોઈ ચીજ જ નથી. પુરુષાર્થીને સંજોગો પણ આપોઆપ સાથ આપે છે. કદી રાહ જોશો નહિ. આપણે કયારેક આપણી સમક્ષ તકને સરી જતાં જોઈએ છીએ પણ તેઓને પારખવાની આપણામાં બુદ્ધિ નથી.

અડાજણ - અનિલ શાહ

ટેકનોલોજી રોજગાર છીનવી લે તે યોગ્ય ન કહેવાય

ભારત ખેતીપ્રધાન અને વધુ માનવ વસ્તી ધરાવતો દેશ છે. જ્યારથી ડિજિટલ અને ટેકનોલોજીના ક્ષેત્રે AI નો ઉપયોગ શરૂ થવા લાગ્યો ત્યારથી રોજગારીનો ભય પેદા થયો છે. આમ તો જ્યારથી કોમ્પ્યુટર યુગ શરૂ થયો ત્યારથી જ દેશ ઉપર રોજગારીનું સંકટ ઘેરાયેલું હતું. જે કામ પૂર્ણ થતાં દસ દિવસ પસાર થાય તે કામ કોમ્પ્યુટર એક જ દિવસમાં પૂર્ણ કરી દે . જ્યાં માનવ બળથી કામ લઈ શકાતું હોય ત્યાં તેનો ઉપયોગ કરવામાં આવે તો રોજગારી છીનવાય ન જાય. જેમ પરિવર્તનનો સ્વીકાર કરવો પડે તેમ ટેકનોલોજીનો પણ સ્વીકાર કરવો પડે હાલમાં સર્વત્ર કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેનાથી નવી રોજગારીનું સર્જન થયું તેવુ જ દરેક બાબતમાં બને એવુ કહી શકાય. માનવ બળને લાગે વળગે ત્યાં સુધી તો કોઇ પણ ટેક્નોલોજી ભલે આવે પણ જ્યા માનવ બળથી કામ લઈ શકાય તેમ હોય તો કામ લેવું જોઇએ, એવુ કામ કે જેની તાત્કાલિક આવશ્યકતા ન હોય ત્યાં જરૂર માનવ બળનો ઉપયોગ કરવામાં આવે. વિકાસનો મૂળભૂત હેતુ જ યુવાનોને રોજગારી પૂરી પાડવાનો છે. અત્યારે દરેક ક્ષેત્રમાં ફુગાવા જેવી પરિસ્થિતિ છે. શિક્ષણ બાળકોને આપવા માટે મા-બાપ તનતોડ મહેનત કરે છે. આપણા દેશમાં શિક્ષણ અને આરોગ્ય માટે દરેકને સરખી તક મળવી જોઇએ. આ બાબતમાં તારીખ ૩-૪-૨૦૨૬ તંત્રી લેખ થતા કાર્તિકેય ભટ્ટ દ્વારા રાજકાજ ગુજરાત કોલમમાં લખવામાં આવેલ લેખમાં વિગતે છણાવટ કરી છે. કોઇ પણ ક્ષેત્રમાં ટેક્નોલોજી ભલે અમલમાં મુકવામાં આવે પણ ટેક્નોલોજી એવી હોવી જોઈએ કે રોજગારીનું સર્જન કરે.

સુરત - ચંદ્રકાંત રાણા

IPLનો ધમાકેદાર તોફાની શાનદાર પ્રારંભ

28 માર્ચની આઈ.પી.એલ.ની શુકનવંતી શુભ શરૂઆત થઈ ગઈ છે. પ્રારંભની પ્રથમ મેચમાં જૂના જાણીતા હીરો વિરાટ કોહલીએ અને બીજી મેચમાં રોહિત શર્માએ શાનદાર રમત દ્વારા તરખાટ મચાવી દીધો. વિરાટ કોહલીએ પાંચ ચોગ્ગા અને પાંચ છગ્ગા દ્વારા માત્ર 38 બોલમાં 69 રનની ઈનિંગ્સ થકી બેંગ્લોરવાસીઓનાં મન જીતી લીધાં. બીજી મેચમાં રોહિત શર્માએ છ ચોગ્ગા અને છ છગ્ગા દ્વારા માત્ર 38 બોલમાં 78 ની તોફાની ઈનિંગ્સ દ્વારા હૈદરાબાદની સામે શાનદાર જીત મેળવી મુંબઈવાસીઓનાં દિલ જીતી લીધાં. હજુ આજે પણ આ બંને ખેલાડીઓની આ ઉંમરે જરા પણ ચમકદમક ઓછી થઈ નથી. અન્ય ખેલાડીએ આ બંને જાંબાઝ ખેલાડી પાસેથી શીખવા જેવું છે. ઉંમર સાથે કાંઈ નિસ્બત નથી. ફિટનેસ અને સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી. ભારતવાસીઓ જ નહીં દુનિયાનાં લોકો તમારી જાનદાર રમત પર ફિદા છે. તુમ આગે બઢો. શુભ શરૂઆતનો અંત પણ શુભ આવશે એવી શુભેચ્છા. વેલ્ડન કોહલી, રોહિત શર્મા.

સુરત - જગદીશ પાનવાલા

ઘરમાં કેટલા ડસ્ટબિન છે?

આજકાલ ભવિષ્યના જીવનસાથી સાથે વાત કરતા પૂછાતો આ જાણીતો પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉપયોગ ક્યારથી થયો એ તો ખબર નથી. પરંતુ બોલિવૂડની એક ફિલ્મનો જાણીતો ડાયલોગ છે. 'જા સિમરન જા જી લે અપની જિંદગી.' એ જોયા પછી સ્વતંત્ર નિર્ણયો લઈ જિંદગી જીવવાનું સ્વપ્ન વાસ્તવિકતામાં પરિણમ્યું અને પ્રેમલગ્નનું પ્રમાણ પણ વધ્યું. એક સમય હતો જ્યારે મર્યાદામાં રહીને સમાજ જીવનમાં કૌટુંબિક સંબંધમાં ખાસું સામંજસ્ય જોવા મળતું હતું અને એવી વ્યવસ્થામાં સબંધોનું મહત્વ, સબંધોની મર્યાદા, સંબંધોની ગરિમા, માન આપવું, સન્માન મેળવવું, વડીલોનું માન જાળવવું એ રોજિંદા જીવનમાં ઘરની સ્ત્રીઓ બખૂબી નિભાવતી. પરંતુ સ્વાતંત્ર્યના ચક્કરમાં સ્ત્રી પુરુષ સમોવડી તો થઈ ગઈ. પરંતુ લગ્ન જેવી કાયમી વ્યવસ્થાના લક્ષ્યને ભૂલી એકલા જીવન જીવવાનું સ્વપ્ન સેવી ઘરના વૃદ્ધ વડીલો માતાપિતાને અનુલક્ષીને પ્રશ્ન પૂછી બેસે છે કે ઘરમાં કેટલા ડસ્ટબિન છે?

સુરત - સીમા પરીખ

ખાડી યુધ્ધ - ભારતનો સ્પષ્ટ રાજકીય (અ)પ્રતિભાવ

પોતાના પાડોશમાં લશ્કરી રીતે પડકારજનક કોઈ ઈસ્લામિક રાષ્ટ્ર ન ઈચ્છતા તેમજ સતત અસુરક્ષાની ભાવનાથી પીડાતા ઝિઓનિસ્ટ રાષ્ટ્ર (ઇઝરાયેલ) નાં પ્રભાવ અને દોરીસંચાર હેઠળ તેના પરમમિત્ર અમેરિકા દ્વારા તેની સાથે મળીને અકારણ ઈરાન વિરુદ્ધ શરૂ કરવામાં આવેલ ખાડી યુધ્ધ ખનીજ તેલ, ગેસ, ખાતર વગેરે. ચીજવસ્તુઓના વૈશ્વિક પુરવઠામાં વિક્ષેપ પાડનારું હોય જગતમાં હાહાકાર મચાવી રહ્યું છે. અમેરિકાના હરાયા ખૂંટ જેવા પ્રમુખ દ્વારા શરૂ કરવામાં આવેલ આ અનૈતિક યુધ્ધમાં સહકાર આપવાનો તેના સાથી NATO રાષ્ટ્રોએ સ્પષ્ટ નનૈયો ભણી દીધો છે. પરંતુ 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનામાં માનનાર તેમજ આ યુદ્ધથી સંભવિતપણે આર્થિક રીતે પ્રભાવિત થનાર ભારતવર્ષની નેતાગીરીએ કોઈ અકળ કારણસર ન હતો. આ યુધ્ધનો ખુલીને વિરોધ કર્યો છે કે ન તો તે બાબત પોતાનો સ્પષ્ટ પ્રતિભાવ આપ્યો છે. શું પૂર્વસૂરીઓના વલણથી વિપરીત આ રાજકીય વલણમાં વિદેશનીતિની અસમંજસતા કે પછી ઝિઓનિસ્ટ વિચારધારા પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત થાય છે? પ્રશ્ન ગંભીર હોય વિચાર માંગી લે છે.

નવસારી- કમલેશ આર મોદી